# ડીસાની સગીરાને ભગાડી તેની પર બળાત્કાર ગુજરાતનાર જેલ હવાલે

ડીસા, તા.૨૭

ડીસા નાં નેમિનાથ નગર વિસ્તાર માં રહેતી એક ૧૬ વર્ષીય સગીરા ને એક ઈસમ લલચાવી ફોસલાવી બે દિવસ અગાઉ ભગાડી લઈ ગયો હતો, જેને ઉત્તર પોલીસે રાજસ્થાન ના રાણીવાડા થી ઝડપી પડ્યો છે ,પોલીસ સમક્ષ સગીરા એ તેની સાથે ધાક-ધમકી થી યુવકે અનેકો વાર પાશવી બલાત્કાર ગુજારેલ હોવાનું નિવેદન નોધાવતા યુવક ની બળાત્કાર નાં આરોપ સર ધરપકડ કરાયેલી છે


આ ધટના ની મળતી વિગતો જોઈએ તો ડીસા નાં વિસ્તારમાં નેમિનાથ નગર વિસ્તાર રહેતા શ્રમજીવી ડાહ્યાભાઈ ધર્માભાઈ -જાપતિ ની માત્ર ૧૬ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી આજ વિસ્તાર નો કાળુભાઈ બાબુલાલ દરજી બે દિવસ આગાઉ ભગાડી ગયો હતો, અને તે બાદ આ યુવકે પોતાની હવસ સંતોષવા માસુમ યુવતી ને સતત ૨ દિવસ સુધી ધાક-ધમકી આપી હતી, અને ભયભીત યુવતિ સાથે અનેકો વાર મરજી વિરુદ્ધ પાશવી બળાત્કાર ગુજાર્યો હતો, જોકે આરોપી એવા કાળુભાઈ બાબુલાલ દરજી ને થયેલ ફરિયાદ આધારે ડીસા ઉત્તર પોલીસ ઈન્સ્પેકટર એચ,એન,રાઠોડે રાજસ્થાન ના રાણીવાડા થી ઝડપી સગીરા નો કબજો મેળવ્યો છે, આ મામલે યુવતી નાં પિતા એ અગાઉ આઈ,પી,સી,કલમ ૩૬૩,અને ૩૬૬ મુજબ ફરિયાદ નોધાવી હતી, જોકે પોલીસે યુવતી નો કબજો મેળવી તેને પૂછ - પરછ કરતા આરોપી કાળુભાઈ બાબુલાલ દરજી એ તેની સાથે બળાત્કાર કર્યા ની હકીકત બહાર આવી હતી, જેથી પોલીસે વધારની કલમ ૩૭૬ (બળાત્કાર)નો ઉમેરો કરી આરોપી કાળુભાઈ બાબુલાલ દરજી ને ઝેલ હવાલે કરેલ છે ,જોકે આરોપી અને તેના સગા માથાભારે હોઈ ફરિયાદ પક્ષ પોતાની જાતને હવે આ ફરિયાદ બાદ અસુરક્ષિત સમજી રહ્યો છે ,પીડિત યુવતી નાં પિતા એ પોતાના ભય નું કારણ જણાવી સુરક્ષા ની માંગ કરેલ છે.



તસ્વીર- ધનેશ પરમાર- ડીસા

# ઉમરેઠના બાજીપુરા ગામે ભેખડ ધસી પડતા બે મજૂરો દટાયા

## દટાએલા મજૂરો સાળો-બનેવીના કરૂણ આક્રંદથી વાતાવરણ ગમગીન



ફોટો -પિલુન ગોસ્વામી ઉમરેઠ

પ્રતિનિધિ ધ્વારા ઉમરેઠ, તા.૨૬

ઉમરેઠ તાલુકાના નદીકાંઠાના બાજીપુરા ગામમાં ગટરની કામગીરી દરમ્યાન અચાનક ભેખળ ધસી પડતા બે મજૂરો માટીના ઢગ નીચે દટાઈ ગયા હતા.બપોરના અંદાજે બાર વાગ્યાના સમયે બનેલી આ ઘટનાની જાણ થતાં જીલ્લાનુ વહીવટી તંત્ર મજૂરોને બચાવવા કામે લાગ્યુ હતુ. ત્રણ જે.સી.બીની મદદથી બનાવના ચાર કલાક બાદ પાંત્રીસેક ફૂટ નીચેથી એક મજૂરની લાશ મળી આવી હતી જયારે બીજા મજૂરની લાશ છ કલાકની સઘન શોધખોળના અંતે મળી આવી હતી.

આ અંગે પ્રાપ્ત માહીતી મુજબ એટીવીટી યોજના અંતર્ગત ઉમરેઠ તાલુકાના બાજીપુરા ગામમાં રૂા.૩.૯૦ હજારના ખર્ચે ભૂગર્ભ ગટરની કામગીરી ચાલી રહી હતી. આજે બપોરના લગભગ બાર વાગ્યાના અરસામા જાંબુ ફતેસિંહ ભુરીયા તેમજ થાવરીયા ચુનીયો ગુઠીયા બંન્ને રહે.ઓસવાડીયા જીલલો દાહોદનાઓ ગટરની કૂંડીને વાટો મારી રહયા હતા. દરમ્યાન અચાનક ભેખળ ધસી પડતા બંન્ને મજૂરો દટાઈ ગયા હતા.જેથી આજુબાજુ ઉભેલા અન્ય મજૂરોએ બૂમાણ મચાવતા લોકો એકઠા થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતા જીલ્લાનું વહીવટી તંત્ર કામે લાગ્યુ હતુ.

એટીવીટી યોજનામાં અનઘઢ કોન્ટ્રાકટરો કામ કરી રહયાની વ્યાપક બૂમો સાંભળવા મળી હતી. ઉમરેઠ તાલુકાના બાજીપુરા ગામમાં એટીવીટી યોના ધ્વારા થઈ રહેલા કામ દરમ્યાન ભેખળ ધસી પડતા બે મજૂરોના મોત એ પહેલી નજરે અકસ્માત ભલે લાગી રહયો હોય પરંતુ આ કામમાં કોન્ટ્રાકટરની નિષ્કાળજી હોવાની ચર્ચા ઘટના સ્થળે થઈ રહી હતી. એટીવીટી યોજનાનો ઉદ્દેર ગમે તેટલો સારો હોય પરંતુ ગ્રામ પંચાયતના વડા તરીકે સરપંચ ધ્વારા કરવામાં આવતી અમલવારીમાં અનેક સવાલો ઉપસ્થિત થઈ રહયા છે. આ યોજનામાં કેટલાક સરપંચો ચીલચાલુ કોન્ટ્રાકટરો સાથે મેળા પીપણુ કરી કામો કરતા હોવાની વ્યાપક ફરીઆદો સાંભળવા મળી રહી છે. બાજીપુરા ગામમાં બનેલી ગોઝારી ઘટના શુ માત્ર અકસ્માતનું જ કારણ ગણી શકાય ? આ ઘટનાની ઉંડાણભરી તપાસ કરવામાં આવે તો બે નિર્દોષ મજૂરોના મોતનો મલાજો જળવાશે તે મુજબની વ્યથા ઘટના સ્થળે ઉપસ્થિત જાગૃત નાગરીકો ઠાલવી રહયા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરમાં યુવા શકિતને ઉજાગર કરવામાં અગ્રેસર પાલનપુર શહેર યુવા ભાજપ ધ્વારા આજે જનસંઘના પ્રણેતા ડો. શ્યામાપ્રસાદ મુખરજીના બલિદાન દિવસની યાદ તાજી કરતા તેઓને ભાવભીના શ્રધ્ધાસુમન અર્પણ કરતો રકતદાન કેમ્પ યોજયો હતો. પાલનપુર શહેર યુવા ભાજપના પ્રમુખ જશવંતસિંહ વાઘેલાની અધ્યક્ષતા હેઠળ શહેરના આંબેડકર હોલ ખાતે યોજાયેલા રકતદાન કેમ્પમાં યુવાનો અને નારી શકિતએ પણ રકતદાન કરી ડો.શ્યામાપ્રસાદ મુકરજીને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પી હતી. આ રકતદાન કેમ્પમાં પર (બાવન) બોટલ રકતદાન એકત્ર થયું હતું. જે રકત જરૂરીયાતમંદ દર્દીઓ સહીત થેલેસેમીયાગ્રસ્ત બાળકોને ડોનેટ કરવામાં પ્રાધાન્ય અપાશે તેવું પાલનપુર શહેર યુવા ભાજપના પ્રમુખ જશવંતસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

# ભિલોડા તાલુકાના મોહનપુર ગામથી ઈડર ધોરીમાર્ગ પર ૪૦ બમ્પ હોવાના કારણે વાહનચાલકો હેરાન-પરેશાન

ભિલોડા, તા.૨૬

ભિલોડા તાલુકાના મોહનપુર ગામથી ઈડર ધોરીમાર્ગ ઉપર આશરે ૪૦ બમ્પ હોવાના કારણે વાહન ચાલકો હેરાન-પરેશાન બન્યા છે. ભિલોડાના જાગૃત પ્રજાજનો ,વાહન ચાલકો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા તાલુકાના મોહનપુર ગામથી ઈડર શહેરને જોડતા ધોરીમાર્ગ માત્રને માત્ર ૩૨ કિ.મી.નું અંતર ધરાવે છે. આ ધોરીમાર્ગ ઉપર ઠેર-ઠેર આડેધડ બમ્પ બનાવેલ હોવાના કારણે વાહન ચાલકો, પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુંકાયા છે. જાગૃત પ્રજાજનો, વાહન ચાલકોના જણાવ્યા મુજબ આડેધડ બમ્પ બનાવેલ હોવાના કારણે ક્યારેક-ક્યારેક નાના-મોટા અકસ્માતો પણ સર્જાય છે. વહીવટી તંત્રના અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. વાહન ચાલકો અને જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ મોહનપુરથી ઈડર ધોરીમાર્ગ ઉપર ઠેર-ઠેર બમ્પ હોવાના કારણે વારંવાર રજુઆતો કરવા છતાં આજ દિન સુધી જરૂરીયાત વિહોણા આડેધડ બનાવેલા બમ્પ હટાવવામાં આવતા નથી. ખરેખર ! જ્યાં જરૂર છે ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે ત્યાં બમ્પ બનાવવામાં આવતો નથી. જાગૃત બૃદ્ધીજીવી લોકો મુખમાં મલકાતા-મલકાતા કહે છે કે અંધેરી નગરી ગંડુ રાજા જેવો વહીવટ ચાલતો હોવાનું લોકમુખે ચર્ચાય છે. ભિલોડા તાલુકાના મોહનપુરથી ઈડર ધોરીમાર્ગ ઉપર આડેધડ બનાવવામાં આવેલ આશરે ૪૦ થી વધુ બમ્પ સત્વરે હટાવવામાં આવે અને જરૂરીયાત પુરતા બમ્પ રાખવામાં આવે તેવી પ્રજાજનો, વાહન ચાલકોની પ્રબળ લોક માંગણી છે.

# ડીસાના ઝાબડીયા ગામે વીજ કરંટ લાગતા યુવક ગંભીર

ડીસા, તા.૨૭

ડીસા તાલુકા નાં ઝાબડીયા ગામે વીજ અકસ્માત નો એક બનાવ નોધાયો છે આ અકસમાત માં આ ગામનો એક યુવક વીજ વાયર નાં સંપર્ક માં અકસમાંતે આવતા તે ગંભીર રીતે દાજયો હતો, જેને -થમ ડીસા સિવિલ અને તે બાદ પાલનપુર સિવિલ માં વધુ સારવાર અર્થે ખસેડાયેલ છે.

આ અકસમાત ની ધટના ની મળતી વિગતો જોઈએ તો ડીસા તાલુકા ના ઝાબડીયા ગામે રહેતા જેણાજી ચાહેરાજી સોલંકી ગઈકાલે સાંજ નાં સમયે અકસ્માતે જીવંત વીજ વાયરો નાં સંપર્ક માં આવ્યા હતા, જેનાથી તેમને જોરદાર વીજ શોક લાગ્યો હતો, અને તેઓં હાથ અને પગે ગંભીર રીતે દાઝી ગયા હતા ,જોકે તે બાદ સ્થાનિકો એ તેમને રાહત અને મદદ પહોચાડી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે -થમ ડીસા ની સરકારી હોસ્પિટલ માં સારવાર અપાઈ હતી, જોકે તેઓં ની સારવાર દરમ્યાન ફરજ પર નાં તબીબ ને આ દર્દી ૮૦ ટકા થી વધુ દજેલ હોઈ અને તેમની તબિયત નાજુક બનતા વધુ સારવાર અર્થે પાલનપુર સરકારી હોસ્પિટલ ખસેડેલ છે જયાં તેમની હાલત સ્થિર છે, આ મામલે સ્થાનિક વીજ વિભાગ અને ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરેલ છે

## પાલનપુરની મોટી બજારમાં બાળમજુરી નાબુદી અભિયાનનું સુરસુરીયું!!!

# આશાપુરા કોમ્લેક્ષમાંથી બે બાળશ્રમિકોને ઝડપી લીધા બાદ છોડી મુકાતા વહેતા થયા અનેક તર્ક-વિર્તકો

### બાળશ્રમિકોને ઝડપી લીધા બાદ ભારે ઉત્તેજનાસભર માહોલ ઉભો કર્યા બાદ પ્રશાસન પાણીમાં બેસી જતા તંત્રની ભૂમિકા સામે શંકાની સોય તાકતા સ્થાનિક વેપારીઓ

પાલનપુર, તા. ૨૭

ગુજરાત મોડલના વિકાસની ગુલબાંગો આજે પણ સમાજમાં કેટલાય ગરીબ પરિવારોના ચુલા બાળમજુરી પર નભતા હોવાની વરવી વાસ્તવિકતા વચ્ચે આવા બાળકો અક્ષરજ્ઞાન મેળવવા માટે શાળામાં જવાને બદલે બાળ મજુરી કરી પોતાનો તથા પોતાના પરીવારજનોનો પેટનો ખાડો પુરવા મજબુર બન્યા છે. ત્યારે શાળા પ્રવેશોત્સવના તાયફાઓ વચ્ચે બાળ મજુરીની સમસ્યાના મુળમાં જવાને બદલે બાળમજુરોને નાબુદ કરવાનું અભિયાન છેડતા તંત્ર ધ્વારા છાશવારે બાળમજુરોને ઝડપી લેવા માટે રેડ કરવામાં આવે છે. આવી જ એક રેડ આજે પાલનપુર શહેરની મોટી બજારમાં પડી હતી. જેમાં બે બાળ મજુરો ઝડપી લીધા હોવાની બહાદુરી કરી ઉત્તેજનાસભર માહોલ ખડો કર્યા બાદ આ બંન્ને બાળશ્રમિકોને છોડી મુકવાની ઘટનાને પગલે સ્થાનિક વેપારીઓમાં અનેક તર્ક-વિર્તકો સાથે રહસ્યના તાણાંવાણાં સર્જાયા છે.

ઘટનાસ્થળેથી પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર શહેરના મોટી બજારમાં પાર્કીંગ વગરના આશાપુરા કોમ્પલેક્ષમાં બાળ સુરક્ષા અધિકારી, શ્રમ અધિકારી અને નગરપાલિકા સહીતની પોલીસ સાથેની ટીમ આશાપુરા કટીંગ વર્કસ નામની દુકાનમાં ત્રાટકી હતી. જયાંથી બે બાળશ્રમિકો ઝડપી લઈ ગાડીમાં બેસાડયા બાદ સમગ્ર કોમ્પલેક્ષની દુકાનોમાં ચેકીંગ કાર્યવાહી હાથ ધરી હતી. જેને પગલે સમગ્ર ચોકસી બજારના વેપારીઓના ટોળેટાળાં એકત્ર થઈ ગયા હતા. ત્યારે ભારે ઉત્તેજનાસભર માહોલમાં આ બંન્ને બાળશ્રમિકોને લઈને સમગ્ર ટીમ મોટીબજાર પોલીસ ચોકીએ પહોંચી હતી. જયાં પણ વેપારીઓ પહોંચી જતા તપાસનીશ ટીમ અને વેપારીઓ વચ્ચે થયેલી ગુફતગુને અંતે તોડ થયો હોવાનું ચર્ચાસ્પદ બન્યુ હતું. જેના કારણે આ બંને બાળશ્રમિકોને પાછળથી મુકત કરી દેવાયા હતા. આમ, તપાશનીશ ટીમની ભુમિકા સામે શંકાની સોંય તાકતા અનેકવિધ સવાલોને મનમાં લઈ સ્થાનિક વેપારીઓમાં સમગ્ર ચર્ચાની એરણે ચડી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ભિલોડા તાલુકાના ધરાસણ ગામમાં પતિએ પત્નીના ગળા ઉપર કુહાડી ઝીંકી દેતાં ચકચાર

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધરાસણ ગામમાં ઘર કંકાસ બાબતે પતિએ પત્નીના ગળા ઉપર કુહાડી ઝીંકી દેતાં ચકચાર મચી જવા પામી છે. મહેશભાઈ મરતાજી અસારીના લગ્ન જીવનના આશરે ૧૦ વર્ષ થયેલ હોવાનું જાણવા મળેલ છે. લગ્ન જીવન દરમ્યાન ત્રણ સંતાનો છે.ધરાસણ ગામના મહેશભાઈ મરતાજી અસારીએ તેમની પત્ની પુષ્પાબેન મહેશભાઈ અસારી, ઉંમર.વર્ષ-૩૦ છે. ઘર કંકાસ બાબતે પુષ્પાબેનના ગળાના પાછળના ભાગે કુહાડી ઝીંકી દેતાં ભિલોડા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન ઈ.એમ.ટી. સુરેશભાઈ રાવળ, દશરથસિંહ પરમાર, પાયલોટ ઘટનાસ્થળે તાબડતોબ પહોંચ્યા હતા. મહિલાને પ્રાથમીક સારવાર આપી ભિલોડા કોટેજ હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે લાવ્યા હતા. આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ પુષ્પાબેન જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.



# ધનસુરા પોલીસ મથકમાં લોક દરબાર યોજાયો

ધનસુરા પોલીસ મથકમાં આજે નાગરિકોના કેટલાક પડતર પ્રશ્નોને લઈ પોલીસ દ્વારા લોક દરબાર યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને અગ્રણીઓ જોડાયા હતા. અરવલ્લી જિલ્લાના ધનસુરા પોલીસ મથક ખાતે તાજેતરમાં મોડાસા જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક કે.એફ. બરોલીયાના અધ્યક્ષે લોક દરબાર યોજાયો હતો. જેમાં ધનસુરા પોલીસ મથકના પી.એસ.આઈ. રવીજી બારોટ સહિત પોલીસ કર્મીઓ તાલુકાના સરપંચો અને નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે નાગરીકોના વિવિધ પડતર પ્રશ્નોના સત્વરે ઉકેલ લાવવા પોલીસ સમક્ષ રજૂઆતો કરી હતી. ડી.વાય.એસ.પી. બરોલીયાએ લોકોના પ્રશ્નો સાંભળી તેના ઝડપી ઉકેલ માટે હૈયાધારણા આપી હતી. (તસવીર : નરસિંહભાઈ પટેલ)

# ધુલેટા ગામના વયોવૃધ્ધ અગમ્ય કારણોસર ગુમ થઈ જતાં ચકચાર

ભિલોડા, તા.૨૬

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ધુલેટા ગામના એક વયોવૃધ્ધ અગમ્યકારણોસર ગુમ થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.

ધુલેટા ગામના મનોજભાઈ ઉપાધ્યાયના જણાવ્યા મુજબ ધુલેટા ગામના ૬૮ વર્ષીય પ્રવિણચંદ્ર ભુલેશ્વર ઉપાધ્યાય અગમ્યકારણોસર છેલ્લા કેટલાક દિવસોથી ગુમ થઈ જતાં પરીવારજનોએ ભારે શોધખોળના ચક્રો ગતિમાન કર્યા હોવા છતાં આજ દિન સુધી વયોવૃધ્ધનો કોઈ પત્તો મળતો નથી. ધુલેટા ગામના વયોવૃધ્ધ અગમ્યકારણોસર ગુમ થઈ જતાં પરીવારજનો, સગાં-સબંધીઓ ઠેર-ઠેર શોધખોળ કરી રહ્યા છે પરંતુ આજ દિન સુધી વયોવૃધ્ધનો કોઈ પત્તો મળતો નથી. ધુલેટા ગામના પરેશભાઈ પ્રવિણચંદ્ર ઉપાધ્યાયએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરીયાદ નોંધાવતાં ગાંભોઈ પોલીસ ધ્વારા શોધખોળના ચક્રો ગતિમાન કરાયા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન